# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 7 •• October, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

# દીપમાલા પર્વ આવી રહ્યું છે ત્યારે...

કહે છે કે તીર્થંકરોના નિર્વાણ સમયે અંધકાર વ્યાપે છે. ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ત્યારે 'હવે તો અંધારૂં થયું' એમ કરીને અજવાળું કરવાની ચેષ્ટા કરવામાં આવી. 'गए से भावुज्जोए, दव्वुज्जोयं करिस्सामो...'

અને ભાવપ્રકાશ લુપ્ત થવાના કારણે દ્રવ્યથી કરાયેલો ઉદ્યોત એક પરંપરા બની ગયો. દીવડાઓની હાર જતે દિવસે દિવાળી બની ગઈ. આપણે વરસોવરસ દીવડા પ્રગટાવતા રહ્યા. કોડિયાંઓમાં તેલ પૂરતા રહ્યા. લોકો માટે દિવાળી આનંદ પ્રમોદનું એક સાધન બની ગઈ. લોકોત્તર શાસનના આરાધકો માટે દિવાળી શેનું સાધન બની શકે? થોડું ચિંતન કરવાની જરૂર છે.

દિવાળીના દિવસોમાં ક્યાંક ઉત્તરાધ્યયન સૂત્રનાં પ્રવચનો થશે, ક્યાંક વળી દિવાળીકલ્પ વંચાશે, ક્યાંક અન્ય કોઈ રીતે ભગવાન મહાવીરને યાદ કરાશે. પછી? પછી કુંડાળું ને બકક...

મને ઘણીવાર વિચાર આવે છે કે ભગવાન મહાવીરના નિર્વાણની તરતોતરત જ્ઞાનપંચમીનું પર્વ કેમ આવે છે? તમે વિચાર તો કરો કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી તુરત આરંભાતું નવું વર્ષ અને એમાં પહેલેપહેલ કોઈ પર્વ આવતું હોય તો તે જ્ઞાનપંચમી. અર્થ સ્પષ્ટ છે : ભાવપ્રકાશ લુપ્ત થયો. દીવડા પણ પેટાવ્યા. પણ એથી કામ સરી જશે ખરૂં? દીવડા કેટલા દાડા? વ્યવહારમાંય શોકને વહેલોમોડો થાળે પાડવો પડે છે. આપણે તો અધ્યાત્મના પ્રવાસી. શાણા આચાર્યોએ વિચાર્યું હશે : ભગવાન તો ગયા. એમની યાદમાં થોડા દાડા ભલે દીવા પેટાવ્યા. હવે બસ. હવે તો ભાવપ્રકાશ જાતે ઊભો કરવો પડશે.

...અને એ કેવી રીતે બને. જ્ઞાનથી જ. नाणं पयासगं सोहगं... રોજ રોજ કંઈ દ્રવ્યપ્રકાશ કામ ન આવે. જ્ઞાન હશે તો ભગવાનની ગેરહાજરીને પણ જીરવી લઈશું. જ્ઞાન નહીં હોય તો ભગવાનની હાજરી પણ કશું નહીં કરી શકે. આવી સમજણમાંથી આવી હશે જ્ઞાનપંચમી.

ભગવાનની અકલ્પિત વિદાયથી ઓઝપાઈ ગયેલા ઈન્દ્રભૂતિ ગૌતમ પણ ભાનમાં શેનાથી આવ્યા? જ્ઞાનથી જ. ક્ષણિક મોહ ઉપર વિજય મળ્યો તે જ્ઞાનના કારણે જ. અત્યાર સુધી સ્થૂલ ભગવાનને પકડીને બેઠા હતા. પહેલી વાર મનમાં દીવો થયો : 'અરે, આ મોહે તો મને બાંધી રાખ્યો' અને જાગી ગયા.

આપણે કંઈ ઈન્દ્રભૂતિ નથી. આપણને તો જગાડનારની જરૂર પડે છે. અને જ્ઞાન સિવાય આપણને કોણ જગાડે? જગાડનારા પોતે જ સૂઈ ગયા હોય એવી સ્થિતિમાં આપણી માટે ભાવપ્રકાશ સિવાય બીજો કોઈ આરો નથી અને ભાવપ્રકાશ એવા તીર્થંકરોની ગેરહયાતીમાં જ્ઞાન જેવો ભાવપ્રકાશ બીજો કયો હોઈ શકે.

દીપમાલા પર્વ તો એક બહાનું છે દીવડા પેટાવવાનું. જરૂર તો છે જ્ઞાનના દીવા પ્રગટાવવાની.

**'જૈન ધર્મનું જનરલ નોલેજ'**

પરીક્ષા અંગે વિગતવાર સમજૂતી

જુઓ પાના નં. ૭

ભગવાનની વિદાયને સૈકાઓ વીતી ગયા છે. આ દરમ્યાન કેટલીયે ઉથલપાથલ એમના શાસનમાં જોવાઈ છે. ચડતી અને પડતી. ભરતી અને ઓટ. તેજી અને મંદી. આ દરેક અવસ્થામાં શાસન ટકી રહ્યું જ્ઞાનથી જ.

ભદ્રબાહુ, સિદ્ધસેન દિવાકર, દેવર્ધિગણી, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, શીલાચાર્ય, અભયદેવસૂરિ, મલયગિરિસૂરિ. સમયે સમયે થયેલા આવા મહાપુરુષોએ જ્ઞાનની મશાલ ન પેટાવી હોત તો દિવાળીમાં ટમટમતા દીવડા ક્યારનાયે બુઝાઈ ગયા હોત.

દીપમાલા પર્વે, આજે આપણે ક્યાં ઊભા છીએ તે વિચારવા જેવું છે. અહીં 'આપણે' એ પ્રયોગથી મને શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ અભિપ્રેત છે.

જ્ઞાનના ક્ષેત્રે આપણી કંગાળિયત ઊડીને આંખે વળગે એવી છે. ગુસ્તાખી માફ, પણ કેટલાક દાખલા સ્ફુરી આવે છે તે ટાંકવાની લાલચ રોકી શકાય તેમ નથી.

પાલિતાણાના વિહાર વખતે એક 'વિદ્વાન પંન્યાસપદધારી' મહાત્માનો ભેટો થયેલો. ગિરિરાજ અને તેની આસપાસની તીર્થભૂમિઓના મહિમાની વાત નીકળી. મને કહે : 'તમને ખબર છે કે હસ્તિગિરિ નામ કેવી રીતે પડેલું?' મેં કહ્યું : 'આપ જ ફરમાવો ને.'

'ત્યાં હાથી મોક્ષે ગયેલો' તેમણે રહસ્ય પ્રકાશિત કર્યું! 'તો તો હવે પછી મોક્ષે જવા માનવભવની કોઈ જરૂરત ન રહી' મારાથી કટાક્ષ થઈ ગયો. 'તમે સમજતા નથી' પંન્યાસજીએ મને સમજાવવાની કોશિશ કરી : 'આ ગિરિરાજનો પ્રભાવ જ એવો.'

'કે જનાવરો પણ અહીંથી મોક્ષે જઈ શકે...' આમ કહીને હું ઊભો થઈ ગયો. હું બેઠો હોત તો તે દરમ્યાન મને એમના તરફથી હજી વધારે 'જ્ઞાનનો લાભ' થયો હોત! કદાચ એ મહાત્માને મન મોક્ષ અને દેવલોક બધું સરખું જ હશે!

આવું જ એકવાર રાજસ્થાનના વિહાર દરમ્યાન બનેલું. એક નામાંકિત વિદ્વાન મુનિવરે એકવાર પ્રવચનમાં શ્રેણિક રાજાને સાતમી નરકે મોકલી દીધા! પ્રવચન પછી મેં ધ્યાન દોર્યું તો એમના એક સાથી મુનિવરે મને ટોક્યો : 'શું કોઈ પાઠાંતર ન હોઈ શકે?' ભલાદમી, પાઠાંતર કોને કહેવાય તે તો સમજો.

'સાતમી નરકમાંથી નીકળેલો જીવ કઈ ગતિમાં જાય? સાતમી નરકનું ઓછામાં ઓછું આયુષ્ય કેટલું? શ્રેણિક રાજાનો જીવ કેટલા સમય પછી તીર્થંકર બનવાનો?' વગેરે પ્રશ્નમાળા પછી માંડ ચૂપ થયા.

આવો બકવાસ કરનારાઓના હાથમાં શાસનની ડોર આવશે તો શું થશે એનો વિચાર કરવા જેટલી પણ આપણી માનસિક તૈયારી નથી. ઉપરથી આવા અજ્ઞાનીઓને આપણે મોટા મોટા ઠઠારા કરીને પદવીઓની લહાણ કરીએ છીએ.

આવી દુર્ઘટનાઓથી બચવું હશે તો જ્ઞાનના માર્ગે ચાલવાની જરૂર પડશે. દીપમાલા પર્વને નિમિત્ત બનાવીને હવેથી નવું એક સૂત્ર અપનાવીને કહીએ : 'भावुज्जोयं करिस्सामो...'

# જય જિનેન્દ્રની પાઠશાળા ● જય જિનેન્દ્રની પાઠશાળા

**આપો જવાબ અને જીતો ઇનામ**

**સવાલ ૧.** ભગવાન મહાવીર જ્યાં નિર્વાણ પામ્યા એ પાવાપુરીનું અસલી નામ શું હતું?

**સવાલ ૨.** ભગવાન મહાવીરનું મૂળ નામ વર્ધમાનકુમાર હતું તે તો તમે જાણો જ છો. તમે એ કહો કે તેમનું આ નામ શા માટે પાડવામાં આવ્યું હતું?

**સવાલ ૩.** શું તમે કહી શકો ખરા કે ભગવાન મહાવીરના માતા-પિતાના ગુરુજી કયા મહારાજ સાહેબ હતા?

**સવાલ ૪.** ભગવાન મહાવીરના એ કયા શિષ્ય હતા, જેમની તેમણે ભરપૂર પ્રશંસા કરી હતી?

**સવાલ ૫.** ભગવાન મહાવીરનાં ભાભીનું નામ આપો.

**સવાલ ૬.** ભગવાન મહાવીરે પોતાના જીવનમાં ખૂબ કષ્ટો વેઠ્યાં હતાં. બાપ રે, આપણે તો મરી જ જઈએ. એમના જીવનમાં મોટાં મોટાં દુઃખો આવ્યાં એને આપણે ઉપસર્ગ તરીકે ઓળખીશું. ભગવાનને થયેલા મહત્ત્વના ઉપસર્ગોની નોંધ અહીં આપી છે. તમારે તો માત્ર એટલું જ જણાવવાનું કે આ ઉપસર્ગો કયા કયા સ્થળે થયા હતા?

૧. ગોવાળિયાનો ઉપસર્ગ (૧), ૨. ગોવાળિયાનો ઉપસર્ગ (૨), ૩. ચંડકોશિયાનો ઉપસર્ગ, ૪. કઠપૂતના વ્યંતરીનો ઉપસર્ગ અને ૫. ગોશાળા દ્વારા મૂકાયેલી તેજોલેશ્યાનો ઉપસર્ગ

**સવાલ ૭.** ભગવાન મહાવીરને ચંદનબાળાએ પારણું કયા ગામમાં કરાવ્યું હતું?

**સવાલ ૮.** ભગવાન મહાવીરના નિર્વાણ પછી તેમના કયા શિષ્ય જોર જોરથી રડ્યા હતા? અને શા માટે?

**સવાલ ૯.** નીચે પૂછ્યા મુજબનો એક નાનકડો નિબંધ લખો :

***'ભ. મહાવીરના જીવનનો આ પ્રસંગ મને ખૂબ ગમે છે કારણ કે.....'***

પ્રિય બાળદોસ્તો,

ઉપરના સવાલોના સુંદર જવાબો આપનારા બાળદોસ્તોને જય જિનેન્દ્ર તરફથી મળશે આકર્ષક ઇનામ.

જવાબો ક્યાં મોકલશો? લખી રાખો આ સરનામું :

**જય જિનેન્દ્ર કાર્યાલય**
**એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧**

બાળદોસ્તો,

જય જિનેન્દ્ર તરફથી સાદર જય જિનેન્દ્ર.

દોસ્તો, દિવાળી નજીક આવી રહી છે. તમારી માટે આ દિવસો બની રહેશે આનંદ પ્રમોદના. ખરૂં ને? દિવાળીના વેકેશનમાં ન સ્કૂલે જવાનું. ન વાંચવાનું. ન ભણવાનું. મજા જ મજા.

દોસ્તો, તમે એ તો જાણો જ છો કે દિવાળી પર્વ ભગવાન મહાવીરની યાદમાં ઊજવાય છે. આ દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું હતું.

ભગવાન મહાવીર આ ચોવીસીના અંતિમ તીર્થંકર હતા એ પણ તમે જાણો છો. ચાલો આપણે જોઈએ કે આપણા ચોવીસમા ભગવાન વિષે તમે બીજું શું શું જાણો છો.

અહીં થોડાક પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તેના ઉત્તરો તમે સરસ મજાના કાગળ ઉપર સરસ મજાના અક્ષરોથી લખો અને એ કાગળ અમને રવાના કરો. જવાબો લખો ત્યારે આટલું ધ્યાન જરૂર આપજો : એમાં અમે તમને પૂછેલી બધી વિગતો હોવી જોઈએ. આ સવાલોના જવાબો તમે તમારી જાતે લખ્યા છે કે તમારાં મમ્મી, પપ્પા, દાદા, દાદી કે તમારી પાઠશાળાના અધ્યાપકની મદદથી લખ્યા છે તે અમને ખાસ જણાવજો. અને હા, તમને આ પ્રશ્નો ઉકેલવામાં કોઈ મહારાજ સાહેબજીની મદદ મળી હોય તો તે પણ લખજો.

તો તમે સમજી ગયા ને, કે અહીં આપેલા પ્રશ્નો ઉકેલવામાં તમને કોઈની પણ મદદ લેવાની છૂટ છે.

આ પ્રશ્નોના ઉત્તરો મોકલનાર બાળકોએ ભરવાની વિગત :

૧. તમારૂં પૂરૂં નામ, પૂરૂં સરનામું અને પિનકોડ નંબર.
૨. કયા ધોરણમાં અભ્યાસ કરો છો? અને તમારો જન્મ દિવસ.
૩. શું તમે પાઠશાળાએ/જૈનશાળાએ જાઓ છો? જો હા, તો તેનું નામ, સરનામું અને તમારા ધાર્મિક અધ્યાપકનું નામ. જો તમે પાઠશાળાએ/જૈનશાળાએ ન જતા હો તો તેનું કારણ ખાસ જણાવશો.

## દાદીમાંની વાતો

એક જંગલમાં એક વાર બે ઝાડ વચ્ચે બરાબરની જામી પડી. લીમડો કહે હું મોટો, આંબો કહે હું મોટો. આંબાએ લીમડાનો વાંક કાઢ્યો : તું તો સાવ ઝેર જેવો છે. તારાં ફળ કોઈ ના ખાય. બજારમાં જા તો ખબર પડે - મારાં તો કેટલાં દામ ઊપજે. મને તો લોકો કેટલાં બધાં લાડ કરે. કોઈ મને રાજાપુરી કહીને બોલાવે, તો કોઈ આફૂસ. કોઈ કહે કેસર ને કોઈ કહે....

આંબો આગળ બોલે ત્યાં જ લીમડાએ તેની વાત કાપી. એમ તો તને કેટલાયે લોકો 'લંગડો' કહે છે તે કંઈ એમને એમ કહેતા હશે? ટાંટીયા તૂટી ગયા હોય એને લંગડો કહેવાય, જોવું હોય તો જોઈ લે ડિક્સનેરીમાં. અસલી મહત્તા તો મારી જ. લોકો બિમાર પડે ત્યારે મને જ યાદ કરે. હું ચામડીના રોગ મટાડું, પેટના રોગ મટાડું, ચામડીમાં ચમક લાવું, લોહી ચોખ્ખું કરૂં. અમારા તેલમાંથી તો એં સાબુ બને. તારામાંથી તો કંઈ ન બને. વધારે કેરીઓ ખાઈને તો ઉપરથી લોકો માંદા પડે, સમજ્યો?

વાત તો વધી પડી. બન્ને પોતાની બડાઈઓ હાંકવા લાગ્યા. આંબાના છાયડે ગાયો બેસે તો આંબો પૂછે : બોલો ગૌમાતા, સાચું કહેજો હો, અમારા બેમાં કોણ વધે? લીમડા ઉપર કબૂતર, પોપટ, મેના ને ચકલી આવે તો લીમડો કહે : ખરૂં ન કહો તો તમને માતાજીના સમ, અમારા બેમાં કોણ વધે? ગાયો અને પંખીઓ બન્નેને સમજાવે : તમે બન્ને ખરેખર ખૂબ સારા છો. ન કોઈ વધારે સારૂં, ન કોઈ વધારે ખરાબ. તમે બન્ને ઉપયોગી પણ એટલા જ છો. પણ લીમડા અને આંબાના મનને આ સાંભળીને જરાય ખુશી ન થાય. એમને તો પોતાની મહત્તા ગાવામાં જ રસ.

એક દિવસ એક મહાત્મા ત્યાંથી પસાર થતા હતા. એમને જોઈને બન્ને ઝાડ એક સાથે બોલી ઊઠ્યાં : અરે બાપજી, તમે તો સંત મહાત્મા. તમે કદી ખોટું ન બોલો. સાચું કહો, અમારા બેમાં મહાન કોણ?

'જે ઝુકી જાય છે તે મહાન છે.' સંત મહાત્માએ જવાબ આપ્યો. આ સાંભળીને બન્ને ઝાડ શરમાઈ ગયાં. તે દિવસથી જ્યારે જ્યારે આ બન્ને વૃક્ષો ઉપર ફળો આવે છે ત્યારે ત્યારે એ બન્ને ઝુકી જાય છે. એમની આ નમ્રતાથી ખુશ થઈને તો કવિઓ પણ કાવ્યો બનાવે છે.

***શ્રીમતી વીરબાળાબેન શાહ, અમદાવાદ***

# નમામિ વીરં ગિરિસારધીરમ્

શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ એક કુલીન રાજપરિવારમાં થયો હતો. ક્ષત્રિયકુંડના પ્રજાવત્સલ રાજવી સિદ્ધાર્થના પુત્ર રૂપે તેઓ મહાદેવી ત્રિશલાની કુક્ષિએ જન્મ્યા હતા. એક પુષ્પના જીવનની જે ગાથા છે એવી જ જીવનગાથા ભગવાન મહાવીરની છે. પુષ્પનો જન્મ, એનું જીવન અને એનો અંત એ ત્રણે સુવાસમય હોય છે. ભગવાન મહાવીરનું જીવન પણ એ જ કક્ષાનું હતું. એમનો બાલ્યકાળ સુવાસિત પુષ્પકળીની જેમ ખીલ્યો, એમનું યૌવન પુષ્પની જેમ પાંગર્યું, એમની પ્રૌઢાવસ્થા આત્મસાધનામાં વીતી અને ઉત્તરાવસ્થાના અંત સુધી એમણે ઠેરઠેર વિચરીને અજ્ઞાનના અંધકારને ઉલેચવાનું કાર્ય કર્યું. જ્ઞાનની પરબ માંડી, દર્શનનું દાન કર્યું અને ચારિત્રની ધારા વહાવી. લાખો આત્માઓ એમના ઉપદેશામૃતનું પાન કરી સન્માર્ગે વળ્યા.

એમના સમયમાં ધર્મના નામે હિંસાએ માઝા મૂકી હતી. એમણે ધર્મના રહસ્યનો બોધ કરાવ્યો. ધર્મ હિંસામાં નહીં પણ અહિંસાની ઉપાસનામાં જ છે એમ સમજાવીને અનેક માર્ગ ભૂલેલા, ભટકેલા લોકોને સત્ય માર્ગનું દર્શન કરાવ્યું. પશુબલિદાનના પાયા એમણે મૂળમાંથી હલબલાવી નાખ્યા. ધર્મના નામે પોષાતા અધર્મને એમણે ખુલ્લો પાડીને હિંમતપૂર્વક સત્યમાર્ગની પ્રતિષ્ઠા કરી. ધર્મના ઓઠા નીચે ભ્રષ્ટાચારને આશ્રય અને ઉત્તેજન આપવામાં આવતાં હતાં એ વિષે એમણે ઠેર ઠેર ઉપદેશો આપીને લોકોમાં જાગૃતિ આણી અને ભ્રષ્ટાચારને દેશવટો અપાવ્યો. ભગવાન મહાવીરના ઉપદેશની સીધી અસર ઉત્તરકાળમાં એવી પડી કે હિંસાના પાયા ઉપર રચાયેલી વૈદિક સંસ્કૃતિને પણ અહિંસાના જાપ જપવા માટે મજબૂર થવું પડ્યું. આ જગતને અહિંસાના માર્ગે લઈ જવાનું શ્રેય માત્ર અને માત્ર ભગવાન મહાવીરના ફાળે જ જાય છે.

કૈવલ્ય પ્રાપ્ત કરવા પૂર્વેની એમની સાધનાવસ્થા એમના વિચારો અને આચારોનું અદ્‌ભુત દર્શન કરાવે છે. માત્ર ત્રીસ વર્ષની વયે એમણે આત્મસાધનાના વિકટ માર્ગે કદમ માંડ્યાં અને લગભગ સાડા બાર વરસ સુધી અખંડપણે એ સાધનામાં ઉત્તરોત્તર આગળ વધ્યા. કષ્ટોને એમણે પ્યારાં માન્યાં. મુશ્કેલીઓને એમણે પોતાની માની. દુઃખોને એમણે આત્મીયતા પૂર્વક આવકાર આપ્યો. સંકટોનો સામનો એમણે હસતા મુખે કર્યો. પોતાની પૂજા કરનાર તરફ આકર્ષાયા નહીં, તેમ પોતાને મુશ્કેલીમાં મૂકનાર તરફ તેઓ રિસાયા નહીં. સ્તુતિ કરનાર અને નિંદા કરનારને તેમણે સમાનભાવે જોયા. આવી સમત્વભરી સાધનાના પ્રભાવે એઓ કેવલી બન્યા, જિન બન્યા. એ પછીનાં લગભગ ત્રીસ વરસ સુધી આ ભૂમિ પર વિચરીને એમણે લોકોને ધર્મવાણીનું પાન કરાવ્યું.

એમના ઉપદેશામૃતનું પાન કરીને એમના સર્વપ્રથમ શિષ્યો બનનાર ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર મહાન પંડિતો બ્રાહ્મણો હતા. આ મુખ્ય અગિયાર શિષ્યો સહિત ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈને શિષ્યો બનનારાઓમાં અન્ય અનેક રાજવીઓ, રાજપુત્રો, રાજકન્યાઓ, રાજરાણીઓ, વણિકો, શૂદ્રો વગેરે હજારોનો સમાવેશ થાય છે. ભારતના સુવિશ્રુત યશસ્વી શાસક સમ્રાટ અશોકના પૂર્વજ મગધેશ્વર સમ્રાટ શ્રેણિક (બિંબિસાર), મહારાજા ચેટક, મહારાજા ચંડપ્રદ્યોત, મહારાજા ઉદાયી વગેરે સેંકડો રાજવીઓ અને ધનપતિ શાલિભદ્ર, સુવિખ્યાત મહામંત્રી અભયકુમાર આદિ અનેક લોકો ભગવાન મહાવીરને પોતાના આધ્યાત્મિક ગુરુ માનતા હતા. આમાંના કેટલાકે તો ભગવાન મહાવીર પાસે શ્રમણત્વ પણ સ્વીકાર્યું હતું, પ્રખ્યાત શ્રાવક પૂણિયો, આનંદ, કામદેવ, શ્રાવિકા સુલસા આદિ પણ પ્રભુનાં પરમ ઉપાસકો હતાં. આ દરેકે ભગવાન મહાવીરનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

વિચારોમાં અનેકાંતવાદ અને આચારમાં પવિત્રતા એ ભગવાન મહાવીરનો મુખ્ય ઉપદેશ હતો. તેઓ કહેતા કે માત્ર વાતો કરવાથી ધર્મ ન થઇ શકે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં ધર્મની સુવાસ આવવી જોઈએ. એમની દૃષ્ટિમાં અહિંસા, સંયમ અને તપ એ સર્વશ્રેષ્ઠ ધર્મ હતો. તેઓ કહેતા કે અહિંસા એ ધર્મની માતા છે, અહિંસા વિનાના ધર્મનું કંઇ જ મૂલ્ય નથી. તેઓ અવારનવાર પોતાના ઉપદેશોમાં પ્રમાદને દૂર કરવાનો બોધ આપતા. આ વિષયમાં તેમણે ઘણીવાર કહેલું કે પ્રમાદના કારણે જ જીવ ધર્મની આરાધના અને એની ફળશ્રુતિથી વંચિત રહી જાય છે. પ્રમાદને તેઓ જીવનનો મોટામાં મોટો શત્રુ ગણતા. જીવનની નશ્વરતા અને ક્ષણભંગુરતાનો વિચાર કરીને તેઓ પ્રમાદથી દૂર રહેવાનો ઉપદેશ વારંવાર આપતા. આ વિષયમાં એમણે એકવાર એક ખૂબ સુંદર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઘાસના તણખલા ઉપર ક્યારેક ક્યારેક ઝાકળ પડવાથી એનાં બિન્દુઓ જામી જતાં હોય છે અને એ અત્યંત સુંદર પણ દેખાતાં હોય છે. કિન્તુ આ શોભા માત્ર ક્ષણ બે ક્ષણ પૂરતી મર્યાદિત હોય છે. ઝાકળબિંદુનું અસ્તિત્વ મર્યાદિત હોય છે. આ જ રીતે માનવજીવન પણ ચિરસ્થાયી નથી. આવા સંયોગોમાં જીવનની નશ્વરતાનો ખ્યાલ કરીને સમયસર ચેતી જઈને પ્રમાદમાંથી બહાર આવી જવું જોઇએ. ઘણીવાર માનવ વિચારતો હોય છે કે 'આજે નહીં તો કાલે સાધના કરીશું' આમ પ્રમાદી બનીને તે સમય બરબાદ કરતો હોય છે. વિચારમાં ને વિચારમાં મૃત્યુ આવીને ઊભું રહી જાય છે. પછી માનવ પાસે પસ્તાવો કરવાનો પણ સમય રહેતો નથી. આમ અપ્રમત્ત રહેવા માટે ભગવાને સમયે સમયે ઉપદેશ આપ્યો છે.

ભગવાન મહાવીર કહેતા કે મન, વચન અને કાયા એ આત્મ-સાધનાનાં અદ્‌ભુત સાધનો છે. પરંતુ એ સાધનોનો જો દુર્વ્યય કરવામાં આવે અર્થાત્ મન દ્વારા અનુચિત વિચારો, વચન દ્વારા અયોગ્ય વાણીનો પ્રયોગ અને કાયા દ્વારા અનિચ્છનીય વ્યવહાર કરવામાં આવે તો એ ત્રણે દુષ્પ્રવૃત્તિઓ આત્માને સંસારના ખાડામાં ઊતારી દે છે. આનાથી બચવા માટે તેઓ સૂચવતા કે મનને હંમેશાં પવિત્ર વિચારોથી પાવન રાખો, વાણીનો ઉપયોગ ઓછો કરો અને કાયાથી પરોપકારાદિ સત્પ્રવૃત્તિઓ કરો. આમ કરવાથી આત્માનું પરિભ્રમણ અટકશે અને શાશ્વતની ઉપલબ્ધિનો માર્ગ સરળ બનશે. યુગોથી ચાલ્યા આવતા જૈન ધર્મને ભગવાન મહાવીરે આ રીતે જીવનભર આગળ વધારવાનું કાર્ય કર્યું છે.

ભગવાન મહાવીરે પોતાના જીવનકાળમાં સમગ્ર ભારતવર્ષમાં પરિભ્રમણ કર્યું હતું. સાધનાવસ્થામાં તો તેઓ અનાર્યભૂમિમાં પણ જઈ આવ્યા હતા. તેમણે ગુજરાત-સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ શત્રુંજયની પણ મુલાકાત લીધી હતી અને ત્યાં પણ ધર્મનો ઉપદેશ આપ્યો હતો.

ઇન્દ્રભૂતિ વગેરે તે સમયના વૈદિક સંસ્કૃતિના સમર્થ અગિયાર વિદ્વાનો પણ પોતાના ચૌદસો અને ચુમ્માલીસ પ્રભાવશાળી શિષ્યો સાથે ભગવાન મહાવીરના જ્ઞાનથી પ્રભાવિત થઇને પોતાની જિજ્ઞાસાઓ સંતોષવા તેમની પાસે આવ્યા હતા. એટલું જ નહીં, સત્યમાર્ગનો પરિચય થતાં તેઓએ ભગવાનનાં શ્રીચરણોમાં સમર્પિત બનીને તેમનું શિષ્યત્વ પણ સ્વીકાર્યું હતું. ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર પંડિતો અને ભગવાન મહાવીર વચ્ચે થયેલો વાર્તાલાપ ઇતિહાસમાં ગણધરવાદ તરીકે સુપ્રસિદ્ધ છે. પર્યુષણના દિવસોમાં એ વિષયના અધિકારી વિદ્વાન મુનિવરોના મુખેથી ગણધરવાદનું શ્રવણ કરવું એ પણ જીવનનો એક વિશિષ્ટ લહાવો બની રહે છે.

આ ઇન્દ્રભૂતિ ગણધર, ગૌતમસ્વામીના નામથી આજે પણ ઘરઘરમાં આદરનું સ્થાન ધરાવે છે.

તીર્થપ્રવર્તક ભગવાન મહાવીર એકંદરે બહોંતેર વરસ સુધી આપણી વચ્ચે રહ્યા અને જીવનના અંત સમયે પણ ધર્મની ધારા વહાવતા વહાવતા પરિનિર્વાણ પામ્યા.

બિહારના પાવાપુરીમાં આવેલું એમનું નિર્વાણ સ્થળ આજે પણ હજારો આત્માઓને આધ્યાત્મિક બળ પૂરું પાડે છે.

**– 'મિત્તી મે સવ્વભૂએસુ'માંથી સાભાર**

*તેમણે જ્ઞાનની પરબ માંડી, દર્શનનું દાન કર્યું અને ચારિત્રની ધારા વહાવી.*

લેખાંક : ત્રણ
■ કુ. ચૈતાલી શાહ

# દેવપ્રાસાદના વિવિધ અંગો

દેવપ્રાસાદની રચનામાં તેના વિવિધ અંગો વચ્ચે શાસ્ત્રીય પ્રમાણમાપ જળવાય તે જરૂરી છે.

કોઈપણ દેવપ્રાસાદમાં મુખ્ય ૧૮ અંગો ગણાવાયા છે. આમાંના ૯ અંગો એ તળદર્શન અથવા પ્લાન દ્વારા દર્શાવાય છે, જ્યારે બાકીના ૯ અંગો એ ઉદયદર્શન અથવા સેકશન કે એલિવેશન દ્વારા દર્શાવાય છે. આમાંના તળદર્શનમાં દર્શાવાતા ૯ અંગો એ દેવપ્રાસાદના વિસ્તાર બાબતે હોય છે, જ્યારે ઉદયદર્શનમાં દર્શાવાતા ૯ અંગો એ તેની ઊંચાઇ વિષે સિદ્ધાંતો બાંધે છે.

> જગતનાં સુંદર મકાનોના પ્રમાણમાપનો અભ્યાસ કરતાં એ ચોક્કસ જણાય છે કે તેમાં એક ખાસ પ્રકારનું ગણિત હોય છે. પછી તે ગ્રીક સ્થાપત્ય હોય કે ભારતીય

તળદર્શન અર્થાત્ પ્લાનમાં દેવપ્રાસાદ-દેરાસર-ના જે અંગો સૂચિત થાય છે તેમાં (૧) આયતન (૨) ગર્ભગૃહ અર્થાત્ ગભારો (૩) અંતરાલ અર્થાત્ સલિલાન્તર એટલે કે કોલીમંડપ અથવા વચગાળો (૪) ગૂઢમંડપ (૫) ત્રિકમંડપ અર્થાત્ અર્ધ-ગૂઢમંડપ (૬) નૃત્યમંડપ અર્થાત્ સભામંડપ (૭) શૃંગારચોકી કે શણગારચોકી (૮) પટાંગણ અર્થાત્ બહારનો ખુલ્લો ચોક તથા (૯) બલાણક અર્થાત્ દેરાસરના સંકુલના પ્રવેશ સ્થાને આવેલી ડહેલીનો સમાવેશ થાય છે.



***ભમતી :*** *દેરાસરના પરિસરમાં શુદ્ધતા અને આધ્યાત્મિકતાની ભાવનાને જાળવી રાખે છે.*

ઉદયદર્શન અર્થાત્ દેરાસરની ઊંચાઈ બાબતે જે નવ અંગો સ્થપતિ દ્વારા ધ્યાનમાં રખાય છે તેમાં નીચે જણાવેલ રચનાઓનો સમાવેશ થાય છે. (૧) જગતી - જે વિષે આપણે ગયા લેખમાં ચર્ચા કરી. આ જગતીમાં તેની પરિમિતિ પર આવેલ ઊભણી તથા સ્થિરશિલા કે ખરશિલા અર્થાત્ તેના મથાળા સુધી પાણી-ચૂના-પથ્થરની પૂરણીનો પણ સમાવેશ થાય છે. (૨) જગતી પરના ઉપરના ભાગના એક અથવા ત્રણ થર જે ભિટ્ટ કહેવાય છે. (૩) આ ભિટ્ટ પર આવેલ પીઠ કે જેના પર પ્રાસાદના મંડોવરની રચના થાય છે. (૪) મંડોવર અર્થાત્ કથ્યોર્ધ્વ એટલે કે મધ્યોર્ધ્વ. (૫) દ્વાર એટલે કે ગર્ભગૃહ તથા ગૂઢમંડપમાં આવતાં બારણાં (૬) ગર્ભગૃહ પર બનાવવામાં આવતું શિખર. (૭) મંડગ-સ્તંભ-તોરણ તથા કક્ષાસન. (૮) મંડપ પરનો ગભારો અથવા વિતાન તથા (૯) સંવરણા એટલે કે મંડપ પરની છત. આવી છત ઘણીવાર ગર્ભગૃહ પર પણ કરવામાં આવે છે.

> **દેવપ્રાસાદની રચનામાં તેના વિવિધ અંગો વચ્ચે શાસ્ત્રીય પ્રમાણમાપ જળવાય તે જરૂરી છે.**

દેવપ્રાસાદના આ બધા અંગોના સમન્વય માટે એક ચોક્કસ ગણિત હોય છે. જેમ કે તળદર્શનમાં જે માપનું ગર્ભગૃહ કે ગૂઢમંડપ બને

# કોઈ પણ દેવપ્રાસાદની સુંદરતા તેની કારીગરી તથા કોતરણીથી તો છે જ પણ તેમાં યોગ્ય પ્રમાણમાપ જળવાય તે વધુ જરૂરી છે.

તે માપને પ્રમાણસર અન્ય બાંધકામનો વિસ્તાર નક્કી થાય. તેવી જ રીતે જગતી કે પીઠની ઊંચાઈ મંડોવર કે શિખરની ઊંચાઈ અનુસાર જ હોય. જો કે આવા આંતરિક પ્રમાણમાપમાં દેવપ્રાસાદના પ્રકાર પ્રમાણે ઉત્તમ, મધ્યમ કે વામન એમ ત્રણ પ્રકારના વિકલ્પો માન્ય ગણાય છે.

સ્થાપત્યની કોઈ પણ રચનામાં પ્રમાણમાપનું મહત્ત્વ ઘણું છે. આ પ્રમાણમાપ જ મકાનને સુંદર બનાવે છે. જગતના સુંદર મકાનોના પ્રમાણમાપનો અભ્યાસ કરતાં એ ચોક્કસ જણાય છે કે તેમાં એક ખાસ પ્રકારનું ગણિત હોય છે. પછી તે ગ્રીક સ્થાપત્ય હોય કે ભારતીય. સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં લયબદ્ધ પ્રમાણમાપ મહત્ત્વનું ગણાય છે.

**દેરાસરની રચનામાં આપણે કોતરણી અને કલાને ભલે મહત્ત્વ આપીએ પરંતુ પ્રમાણમાપની બાબતમાં તો બેદરકાર ન જ રહેવું જોઈએ**

આપણા સ્થાપત્યના વારસામાં તથા તેના ગ્રંથોમાં આ પ્રમાણમાપનું ગણિત સ્પષ્ટપણે દર્શાવાયું છે. આ ગણિત પાછળનો તર્ક સમજવામાં અત્યાર સુધી ઘણા બુદ્ધિજીવીઓએ પ્રયત્નો કર્યા છે, પણ એમ લાગે છે કે આ ગણિત સ્થાપિત તર્કથી ઊંચું હશે. અમે પણ આ ગણિતને તર્કબદ્ધતાથી સમજવાના પ્રયત્નમાં ઊણા ઊતરીએ છીએ. હા, એ વાત નક્કી છે કે આ પ્રમાણમાપ અનુસરવાથી જે દશ્ય અનુભૂતિ દેરાસરની રચનામાં મળે તેનાથી ચોક્કસ શાતા અનુભવાય.

આ લેખમાં દેવપ્રાસાદના વિવિધ અંગો વચ્ચે જે નયનરમ્ય પ્રમાણમાપ સર્જાય છે તે બાબતનો ઉલ્લેખ કરવાનું ખાસ કારણ છે. આમ તો લેખમાળાની રૂપરેખા પ્રમાણે અમારે અહીં પીઠ પર લેખ આપવાનો હતો, પરંતુ છેલ્લા બે મહિનામાં અમારા જોવામાં આવ્યું છે કે ખાસ કરીને જૂના દેરાસરનું જ્યાં સમારકામ થાય છે અથવા જ્યાં જૂના દેરાસર સાથે નવું બાંધકામ સાંકળવામાં આવે છે ત્યાં આજકાલ આવાં પ્રમાણમાપ માટે ઈજનેરો સંવેદનશીલ હોતા નથી. ઘણીવાર દેરાસરને ભવ્યતા આપવા માટે નવું બાંધકામ એટલું વિસ્તૃત અને વિશાળ બનાવવામાં આવે છે કે જૂના બાંધકામ આગળ તે અપ્રસ્તુત તથા આંખને ખૂંચે તેવું લાગે. સ્થપતિ-ઈજનેર તથા ટ્રસ્ટીમંડળના સભ્યો એ નથી સમજતા કે નાનકડા હીરાની માટે તો નાની શી વીંટી જ હોય, મોટો જાડો વીંટો ન બનાવી શકાય.



*કેટલીક વખત પરિસ્થિતિવશ મકાનો વચ્ચે 'સેન્ડવિચ' થઈ જતાં દેરાસરો*

હમણાં જ એક કિસ્સો અમારા ધ્યાનમાં આવેલો, ભૂજ શહેર મધ્યે એક દેરાસરના જીર્ણોદ્ધારમાં તેની ચોતરફના પગથિયાં એટલાં વિસ્તૃત સૂચવવામાં આવેલાં કે તે પગથિયાં સામે મૂળ દેરાસર પણ પ્રમાણમાપમાં વામણું લાગે.

કોઈ પણ દેવપ્રાસાદની સુંદરતા તેની કારીગરી તથા કોતરણીથી તો છે જ પણ તેમાં યોગ્ય પ્રમાણમાપ જળવાય તે વધુ જરૂરી છે. આ માટે આપણે બધાએ વધુ સંવેદનશીલ બનવું જોઈએ. જો આપણે વ્યક્તિગત રીતે યોગ્ય પ્રમાણમાપ બાબતે નિર્ણય ન લઈ શકતા હોઈએ તો શાસ્ત્રમાં સૂચવાયેલ પ્રમાણમાપમાં વિશ્વાસ રાખીને તેનું અનુકરણ કરીએ.

શાસ્ત્રમાં કયાં કયાં ને કેવાં કેવાં પ્રમાણમાપ સૂચવાયાં છે તેની વિસ્તૃત ચર્ચા દેવપ્રાસાદના વિવિધ અંગોની રચનાની વાતની ચર્ચા પછી કરીશું.

## જય જિનેન્દ્રના નક્કર વિચારોની બીજી જીત : રાજસ્થાન સરકારે પણ જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા

તાજેતરમાં જ રાજસ્થાન સરકારે જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કરીને તેમને બંધારણીય અધિકારો અને સુરક્ષા આપવાની જાહેરાત કરી છે. આ અગાઉ ઉત્તરપ્રદેશની માયાવતી સરકારે યુ.પી.ના જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા હતા. હમણાં સત્તામાં આવેલી મુલાયમસિંહ યાદવની નવી સરકારે પણ માયાવતી સરકારના એ નિર્ણયમાં કોઈ ફેરફાર કર્યો નથી. જય જિનેન્દ્રની કેટલીક વાતો વાંચીને નાકનું ટીચકું ચડાવનારા શાહમૃગી લોકો પણ રાજસ્થાન સરકારના આ નિર્ણયથી દંગ રહી ગયા છે. એક વાત ખાસ સામે આવી રહી છે કે જૈનોને જે અપેક્ષા ભારતીય જનતા પાર્ટી પાસેથી હતી તે બિનભાજપી રાજકીય પક્ષો પૂર્ણ કરી રહ્યા છે.

હવે એવી આશા જાગી છે કે રાજસ્થાનમાં એક ચોક્કસ સંપ્રદાય દ્વારા જૈનોની જે સતામણી થતી હતી તેની ઉપર નિયંત્રણ આવશે અને સરકાર ધાર્મિક લઘુમતીઓના જાનમાલની રક્ષા વધુ જવાબદારી સાથે અદા કરી શકાશે.

રાજ. સરકારને અભિનંદન.

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

**લેખાંક નવમો**

## દશાધિપતિ શુક્ર કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

૧.

જે જાતકનો દશાધિપતિ શુક્ર મેષરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન અધિકાર-સત્તા પ્રાપ્તિ, ભૂપતિથી મૈત્રીસંબંધ, સુંદર ચિત્રામણવાળી હવેલીમાં નિવાસ, સુવર્ણ, આભૂષણો, કીમતી વસ્ત્રોની વૃદ્ધિ થવા જેવાં શુભફળ પ્રાપ્ત થાય છે.

૨.

જે જાતકનો દશાધિપતિ શુક્ર વૃષભરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન ગૌ, અશ્વ વગેરેનો લાભ, વાહન પ્રાપ્તિ, બંધુજનોની સમૃદ્ધિ, ગામમાં સર્વશ્રેષ્ઠ ઉચ્ચ અધિકાર પ્રાપ્તિ જેવાં શુભફળ મળે છે.

૩.

જે જાતકનો દશાધિપતિ શુક્ર મિથુનરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન પત્ની, પુત્ર, મિત્ર, બંધુવર્ગથી સુખ મળે છે અને તે પોતાની જન્મભૂમિમાં નિવાસ, જમીન, દાન, સુવર્ણ, વસ્ત્ર આભૂષણોથી સ્વજનોનું પોષણ કરનાર થાય છે.

૪.

જે જાતકનો દશાધિપતિ શુક્ર કર્કરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન પદભ્રષ્ટતા, પરદેશમાં નિવાસ, ઇચ્છિત કાર્યનોનાશ, સ્ત્રીના કારણે ક્લેશ, ધનનાશ જેવાં અશુભફળ પ્રાપ્ત થાય છે.

૫.

જે જાતકનો દશાધિપતિ શુક્ર સિંહરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન સરકારથી ભય તથા ઝગડો, ધનનો વ્યય, પોતાની પત્નીથી વિરોધ, જમીન જાયદાદ અને પરિવારના નાશ જેવાં અશુભફળો મળે છે.

૬.

જે જાતકનો દશાધિપતિ શુક્ર કન્યારાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન સત્તાનો નાશ, પદભ્રષ્ટતા, વિચારભિન્નતાને લીધે કજીયો, વિરોધ, સર્વસ્વનાશ જેવાં અશુભફળ મળે છે.

૭.

જે જાતકનો દશાધિપતિ શુક્ર તુલારાશિમાં હોય તેને શુક્ર મહાદશાકાળ દરમ્યાન સંપત્તિની પ્રાપ્તિ, સરકારી ઉચ્ચપદાધિકારીઓથી મિત્રતા, ઉચ્ચ અધિકારની પ્રાપ્તિ, ઈષ્ટકાર્યોની સિદ્ધિ, સદા ઉલ્લસિત મન રહે તેવાં શુભફળોની પ્રાપ્તિ થાય છે.

૮.

જે જાતકનો દશાધિપતિ શુક્ર વૃશ્ચિકરાશિમાં હોય તેને શુક્ર મહાદશાકાળ દરમ્યાન જ્ઞાતિજનો તરફથી કષ્ટ, શત્રુઓની વૃદ્ધિ, પત્નીથી તિરસ્કાર, દ્રવ્યનાશ જેવાં અશુભફળ પ્રાપ્ત થાય છે.

૯.

જે જાતકનો દશાધિપતિ શુક્ર ધનરાશિમાં હોય તેને શુક્રમહદશાકાળ દરમ્યાન ઉત્તમ કીર્તિની પ્રાપ્તિ, સફળ દેવપૂજા, શુભફળદાયક યજ્ઞાદિ સત્કાર્યોનો મોકો, પુરાણોનું શ્રવણ, કથા-સંકીર્તનથી મન પ્રસન્નતા પ્રાપ્ત કરવાના અવસર જેવાં શુભફળ પ્રાપ્ત થાય છે.

૧૦.

જે જાતકનો દશાધિપતિ શુક્ર મકરરાશિમાં હોય તેને શુક્રમહાદશાકાળ દરમ્યાન વાહનલાભ, મનની પ્રસન્નતા, દૂરના સ્થળનો પ્રવાસ, સભાઓમાં અગ્રસ્થાન પ્રાપ્તિ જેવાં શુભફળો અને પત્નીથી વિરોધ ઝગડા થવા જેવાં અશુભફળ પ્રાપ્ત થાય છે.

૧૧.

જે જાતકનો દશાધિપતિ શુક્ર કુંભરાશિમાં હોય તેને શુક્રમહદશાકાળ દરમ્યાન દરેક સુખોની પ્રાપ્તિ, શાસ્ત્રાર્થના અવબોધમાં નિપુણતા, સ્થાવર મિલકતની અભિવૃદ્ધિ, પત્ની સાથે સુમેળભર્યા સંબંધો, સુવર્ણ, મણિ, વસ્ત્રાદિ લાભ થવા જેવાં ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે.

૧૨.

જે જાતકનો દશાધિપતિ શુક્ર મીનરાશિમાં હોય તેને શુક્ર મહાદશાકાળ દરમ્યાન રાજસત્તા જેવા અધિકારની પ્રાપ્તિ, વૈભવ, મણિ, રત્નોનો લાભ, જલયાન, વાહન આદિનો લાભ, જમીન, ધન-ધાન્ય, પશુધન, સમૃદ્ધિની અભિવૃદ્ધિ જેવાં શુભ ફળ પ્રાપ્ત થાય છે.

**લેખમાળા સમાપ્ત**

જય જિનેન્દ્ર

# શ્રદ્ધાંજલિ

'ચકોર' હવે આપણી વચ્ચે નથી
એના જેવી ગેરમાન્યતા બીજી
કઈ હોઈ શકે...

ચકોર, તમે સતત ને સતત
અમારી વચ્ચે છો તમારી આ
અમર કૃતિ દ્વારા...



કાર્ટુનિસ્ટ તરીકે માત્ર
ગુજરાતમાં જ જાણીતા બંસી
વર્મા 'ચકોર' મિચ્છા મિ
દુક્કડંના આ એક જ ચિત્ર દ્વારા
દુનિયાભરમાં જાણીતા થઈ
ગયા.
જો ચકોરે આ ચિત્રના
કોપીરાઈટ પોતાની પાસે રાખ્યા
હોત તો?
.....તો તેઓ લાખો રૂપિયાની
રૉયલ્ટી મેળવી શક્યા હોત!

પ્રિય ચકોર, તમને શ્રદ્ધાંજલિ
આપવા માટે તમારા જ આ
ચિત્ર સિવાય અમારી પાસે
બીજી કઈ મૂડી હોઈ શકે?

# આપનું પુસ્તક મળ્યું

● **દિવ્ય વાર્તાખજાનો** (ભાગ છઠ્ઠો)
***લેખક :*** *પૂજનીય મુનિરાજ શ્રી દિવ્યવલ્લભવિજયજી મહારાજ*
***પ્રકાશક :*** *શ્રી મહેન્દ્રભાઈ એ. મહેતા*
*૪૦૧, શિલાલેખ એપાર્ટમેન્ટ, ડી. કે. ડાઈનિંગ ચાર રસ્તા,*
*કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત*
***મૂલ્ય :*** *૩૫ રૂપિયા*

પૂજનીય મુનિવર અલગ અલગ વિષયોને કેન્દ્રમાં રાખી વાર્તાઓનાં પુસ્તકો આપતા રહે છે. વાર્તાઓની માળામાં આ છઠ્ઠો મણકો છે. આ પુસ્તકમાં માતા-પિતાના પ્રેરક પ્રસંગો, માતા-પિતાની ભક્તિને સમર્પિત સંતાનોના પ્રેરક પ્રસંગો અને એથી સાવ જ વિરુદ્ધ દિશાના નિષ્ઠુર સંતાનો વગેરેના પ્રસંગો સમાવી લેવાયા છે. જેવું કે પુસ્તકનું નામ સૂચવી આપે છે, આ ખરેખર વાર્તાઓનો ખજાનો છે અને તે મજાનો પણ છે. આમાં ધાર્મિક જગત સાથે સંકળાયેલા પ્રસંગો પણ છે અને સામાજિક રીતે આગળ વધેલા લોકોના પ્રસંગો પણ છે. રાજકીય ક્ષેત્રમાં આગળ પડતી વ્યક્તિઓના પ્રસંગો પણ અહીં જોવા મળે છે. અહીં પ્રાચીન દાખલાઓય જોવા મળે છે અને અર્વાચીન દાખલાઓય જોવા મળે છે. આખા પુસ્તકનો સાર કહી દેવો હોય તો લેખકે પોતાની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ, 'માતા-પિતા ઘરના ભગવાન ભગવતી છે.'

તપેલીમાંના એક દાણાથી જેમ બધા દાણા મપાય તેમ આ પુસ્તિકા ઉપરથી લેખક મુનિશ્રીનાં આ પૂર્વેનાં વાર્તાનાં પુસ્તકોનું માપ આપોઆપ નીકળી રહે છે.

● **વ્યાખ્યાનની ઝલકો**
***લેખક :*** *ઉપર મુજબ*
***મૂલ્ય :*** *૧૫ રૂપિયા*

આ નાનકડી પુસ્તિકામાં લેખકે પોતે આપેલાં પ્રવચનોમાંથી નોંધપાત્ર કણિકાઓ સંગૃહીત કરી છે જે વાચકોના મનને વિચાર કરતા કરી મૂકે તેવી છે.

મુનિશ્રી જે પ્રકારનાં પુસ્તકો સમાજને આપી રહ્યા છે તેનો વધુને વધુ પ્રચાર થાય તે સમાજના હિતમાં છે. લેખક મુનિવર દ્વારા હવે પછીનાં પુસ્તકોમાં ગુજરાતી ભાષાના વ્યાકરણ તથા જોડણી અંગે જો થોડી વધારાની ચીવટ રાખવામાં આવશે તો તેમનાં પુસ્તકોના સૌન્દર્યમાં ઓર વધારો થશે એ નક્કી છે.

## 'જૈન ધર્મનું જનરલ નોલેજ' પરીક્ષાને વ્યાપક આવકાર...

પૂજનીય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની નિશ્રામાં યોજાયેલ 'જૈન ધર્મનું જનરલ નોલેજ' પરીક્ષાને વ્યાપક આવકાર મળ્યો છે. સો માર્કસનું આ પ્રશ્નપત્ર ઘરબેઠાં જ ભરવાનું હતું અને પુસ્તકોમાં જોઈને તથા જ્ઞાનીઓને પૂછીને જવાબો લખવાની છૂટ હતી. મુંબઈ, ડોંબીવલી, રાજકોટ, જામનગર, સૂરત, વડોદરા, કલકત્તા, ચેન્નાઈ, દિલ્હી વગેરે નજીકના અને દૂરના પ્રદેશોમાં પ્રશ્નપત્રો પહોંચ્યાં હતાં. જય જિનેન્દ્રના લવાજમ ભરીને નોંધાયેલા ગ્રાહકોને આ પ્રશ્નપત્ર વિનામૂલ્યે પહોંચતું કરવામાં આવ્યું હતું.

## પરીક્ષામાં ઉલટભેર ભાગ લેનારા પુણ્યવાનો, ખાસ ધ્યાન આપશો :

'જૈન ધર્મનું જનરલ નોલેજ' પરીક્ષાનાં પરિણામો ડિસેમ્બર ૨૦૦૩ના જય જિનેન્દ્રમાં જાહેર કરવામાં આવશે. જેમણે પ્રશ્નપત્રો ભરીને મોકલ્યાં છે તેમને જય જિનેન્દ્રના માધ્યમથી પરિણામો ઘર બેઠાં પહોંચતાં કરવામાં આવશે. જય જિનેન્દ્રના મેમ્બર હોય કે ન હોય, દરેકને પરિણામવાળો અંક પહોંચતો કરવામાં આવશે. એ અંકમાં પરિણામ સાથે પરીક્ષાર્થીઓને જોવા મળશે સાચા જવાબો. ઉપરાંત કોણ કોણ ઇનામને પાત્ર બને છે તેની સ્પષ્ટ વિગતો.

જય જિનેન્દ્ર દ્વારા લેવાતી પરીક્ષાઓમાં દર વખતે ભાગ લેવા ઇચ્છો છો? આ પ્રકારની પરીક્ષાઓ લેવાતી હોય ત્યારે અંધારામાં રહેવા નથી ઇચ્છતા? ઘર બેઠાં પેપર મળે તો તમને ગમે? તો આજે જ પાંચ વરસ માટે તેના સભ્ય બની જાઓ અને જય જિનેન્દ્રના સ્વાધ્યાય આંદોલનમાં જોડાઈ જાઓ.

જય જિનેન્દ્રમાં તમને વાંચવા મળશે નવાં નવાં પુસ્તકોની સમીક્ષા, જૈન સંઘમાં બનતા વિશિષ્ટ બનાવો, બાળકો માટે પાઠશાળા, વિચારશીલ વાચકોના વિચારપ્રેરક પત્રો, જ્યોતિષ વિષયક લખાણો, જૈન સંઘમાં કંઈ ખોટું થતું હોય તો કોઈનીયે શરમ ભર્યા વિના સીધી ને સટ રજૂઆત, જૈન ઇતિહાસની ગૌરવપ્રેરક વાતો વગેરે.. વગેરે.. વગેરે..

જૈન શાસનને હાડોહાડ અને ધગધગતો પ્રેમ કરનારૂં અને વહાલાદવલાની નીતિથી તદ્દન મુક્ત એવું જૈનોનું એક માત્ર નિષ્પક્ષ માસિક, જે કોઈ ચમરબંધીની પણ શરમ નથી ભરતું. માટે જ તો કહેવાય છે કે

જય જિનેન્દ્ર એટલે વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

પાંચ વરસનું લવાજમ પાંચસો રૂપિયા... એક વરસનું લવાજમ એક સો રૂપિયા

## પાંચ વરસનું લવાજમ ભરવાનો 'બંપર' ફાયદો :

દસ ગ્રામ સોનાનો સિક્કો જીતવાની અણમોલ તક.. ઉપરાંત ચાંદીના સિક્કા તો ખરા જ! આ માટેનો ડ્રો હવે ટૂંક સમયમાં જ થનાર છે. ડ્રોની તારીખ માટે જય જિનેન્દ્ર જોતા રહો.

સંસ્થાના કાર્યાલય ઉપર લવાજમ મોકલી શકાય છે. સરનામું નોંધી લેશો :

"JAY JINENDRA" : F 9, Shrinandnagar part IV, Sonal Talkies Road, Vejalpur, Amdavad 380051

## આપનો પત્ર મળ્યો



**આપના** મેગેઝિનમાં પ્રકાશિત થયેલ લેખ 'નયે ભીષ્મ દ્રોણોં ને મુખ પર ડાલા તાલા' (*જય જિનેન્દ્ર*, ઑગસ્ટ, ૨૦૦૩) અમારા વાંચવામાં આવ્યો હતો. જંગલમાં પોક મૂકવાનો કોઈ અર્થ દેખાતો નથી. આખો સમાજ જ્યારે કોઈ એક રસ્તે જતો હોય ત્યારે આપણે શું કરી શકીએ? બધાને ધર્મરાજા યુધિષ્ઠિર તો દેખાવું છે પણ આચરણ દુર્યોધનનું જ કરવું છે. એમ લાગે છે કે આપણા સમાજને આ બધું કોઠે પડી ગયું છે. છેવટે તો સમાજ પણ આવા લોકોનો બનેલો જ હોય છે ને? હા, મહારાજ સાહેબો પણ એ માર્ગે જાય તે ખૂબ જ દુ:ખદ ગણાય, પરંતુ આમાં આપણે શું કરી શકીએ?

**પ્રકાશભાઈ શાહ, પન્નાબેન શાહ** (માંડવી)

**જાહેરમાં** રામ અને ખાનગીમાં રાવણવાળી વાતથી આંચકાઓ લાગે છે. મોક્ષે જવાની રઢ લઈને બેઠેલાઓ કેમ આમ કરતા હશે એવો વિચાર ઘણીવાર આવી જાય છે, પરંતુ 'ડબલ રોલ'નું આચરણ કરનારા પાસેથી તો બીજી આશા પણ શી રાખી શકાય?

**જયસુખલાલ ગાંધી**(ચેન્નાઈ)

**અટલ** બિહારી બાજપાઈની કવિતાના માધ્યમથી ઘણું કહેવાઈ ગયું. સમજનેવાલે કો ઇશારા કાફી હૈ, ના સમજે વો અનાડી હૈ...

**રાજેશ કોઠારી**(ગોરેગાંવ, મુંબઈ)

**"સ્ત્રી**ઓની સોડમાં રાત વીતાવીને સવારે વ્યાખ્યાનની પાટ ઉપરથી બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાની 'આવડત' દુર્યોધનમાં જોવા ન મળે" એ વાંચીને સ્તબ્ધ થઈ જવાયું. અગાઉ પણ આપના મેગેઝિનમાં શાસનદ્રોહીઓનાં છોડાં કાઢે એવી વાતો આપે છાપી હતી. આપને આમ લખતાં ડર નથી લાગતો? સંભાળીને લખવું સારું. સત્ય સ્વીકારનારો અને પચાવનારો અત્યારનો સમાજ નથી તે તરફ ખાસ ધ્યાન આપવા વિનંતી.

**પ્રકાશ શાહ** (અહમદનગર)

**આપના** સામયિકમાં મહારાજ સાહેબ મિત્રાનંદસાગરજીનો ઇન્ટરવ્યૂ વાંચીને મનમાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. તે અહીં ઊતારૂં છું.

જો મહારાજ સાહેબે આટલી બધી સ્પષ્ટ, નિર્ભીક અને આંખો ખોલનારી રજૂઆત કરી હોય અને છતાં જૈન સમાજમાં કોઈ સળવળાટ ન હોય તો શું એમ ન કહી શકાય કે આપણે સાવ સત્ત્વહીન બની ગયા છીએ?

મહારાજ સાહેબના વડીલોને એવી ખાતરી હોય કે એમના સાધુઓ નિર્દોષ છે તો તેઓ મહારાજ સાહેબનો પડકાર ઝીલી લેવા માટે કેમ આગળ આવી શકતા નથી?

મહારાજ સાહેબો જે વ્રત જાહેરમાં લે છે કે તેઓ કદી અસત્ય બોલશે નહીં, તેનું પાલન ન થતું હોય તો અમે સાધુ છીએ એવી માન્યતામાંથી વહેલીતકે બહાર આવી જવું જોઈએ. અને મહત્ત્વની વાત, જે સાધુથી ચોથું મહાવ્રત પાળી ન શકાતું હોય તેને સંસારમાં સારા શ્રાવક બનીને રહેવાની કોણ ના પાડે છે? આવાં ધતિંગો તો અમે ઘરમાં રહીને પણ નથી કરતા.

ઇન્ટરવ્યૂ આપનાર મહારાજ સાહેબ માટે એમ કહેવું કે *તેઓ કાદવ ઉછાળી રહ્યા છે* એ બાબત દુ:ખદ છે. **આપણે કચરો વાળીને જાજમ નીચે સરકાવી દેવાનું બંધ કરવું પડશે,** નહીં તો આવનારા દિવસોમાં આપણી બહેન-દીકરીઓની સલામતી આપણે વરૂઓને સોંપી રહ્યા છીએ એમ જ નક્કી થશે.

**ધીરજબેન ચાલીસા** (સેટેલાઇટ, અમદાવાદ)

*જય જિનેન્દ્ર*ના ઑગસ્ટ, ૨૦૦૩ના અંકમાં આવેલા તંત્રીલેખ અને ઇન્ટરવ્યૂને બિરદાવનારા ઘણા પત્રો અમને પ્રાપ્ત થયા છે. બધા પત્રો અમે છાપી શકતા નથી પણ અમને બળ પૂરૂં પાડનારા વિચારશીલ જૈનોનો ઉલ્લેખ અહીં કરી રહ્યા છીએ :

**અજયભાઈ શાહ** (પાલડી, અમદાવાદ) **અંજનાબેન** (વડોદરા), **શૈલેશભાઈ** (પાર્લા), **પ્રવીણ શાહ** (અમદાવાદ), **મગનલાલ કંસારા** (અમદાવાદ), **ઉત્તમલાલ શાહ** (બોરીવલી). **અરવિંદભાઈ શાહ** (પ્રાર્થનાસમાજ, મુંબઈ) **ચંપકલાલ માવજી** (જૂનાગઢ) **શેખરચંદ્ર જૈન** (ઔરંગાબાદ) **મુરારદાસ શાહ** (સાતીવલી, મુંબઈ) **આશા ખેંગારીયા** (સિકંદરાબાદ) **જયેશ સી. શાહ** (મલાડ, મુંબઈ) **પન્ના નિખિલ શાહ** (મલાડ, મુંબઈ) **હંસરાજ શામજી** (વડાલા, મુંબઈ) **નારણજી ખીમજી** (ચીંચબંદર, મુંબઈ)

●●

શિલ્પ અને સ્થાપત્ય અંગેના લેખો એક નવી જ દિશામાંનું કદમ બની રહેશે. એક સૂચના કરવાની લાલચ રોકી શકતી નથી કે દેરાસરના શિલ્પની બાબતમાં ભારતભરમાં પથરાયેલાં દેરાસરોમાંથી શ્રેષ્ઠ સ્થાપત્યવાળાં દેરાસરો કયાં છે અને તેની શી શી વિશેષતાઓ છે એ અંગે લેખમાળા થાય તો વધારે આસ્વાદક બની રહે. કારણ કે દેરાસરની રચનાની સૈદ્ધાંતિક બાબતો બહુ ઓછા લોકોને ઉપયોગી બને. જ્યારે તેની વિશેષતા સમજવામાં બહુ મોટા વર્ગને મજા આવે. આપણે હરીફરીને દેલવાડાનાં દેરાં અને રાણકપુરના દેરાસરની વાતો જ વારંવાર કરતા હોઈએ છીએ, પરંતુ ભારતભરમાં પથરાયેલાં શિલ્પ અને સ્થાપત્યના બેનમૂન દાખલા જેવાં દેરાસરો તરફ હમેશાં બેદરકાર રહીએ છીએ. એ દિશામાં પણ કાર્ય કરવા વિનંતી.

**સજ્જનલાલ શાહ** (જુહુ, મુંબઈ)

'એક મુનિવરનો વ્યથાસભર પત્ર' વાંચીને ખૂબ ગમગીની થઈ. હવે પછી દીક્ષા લેનારા *સાચા વૈરાગીઓએ* તેઓ જેમની પાસે દીક્ષા લેવાના હોય તે ગુરુના જીવનની ખાતરી કરી લઈને પછી જ આગળ વધવું જોઈએ. *'આમાં કંઈ પાપ નથી. સ્ત્રી સાથે શરીર સંબંધ હોય તો જ પાપ કહેવાય'* એમ બોલનાર સાધુને વહેલી તકે દરવાજો બતાવી દેવો જોઈએ.

**પદમચંદ બાગરેચા** (ચેન્નાઈ)

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

અમદાવાદનાં બધાં ઘરઢાંઘરો 'હાઉસફુલ' છે. બાળકોને ધાર્મિક નહિ બનાવનાર વાલીઓએ ઘરઢાંઘરમાં રિબાવાની પૂર્ણ તૈયારી રાખવી.

– 'વ્યાખ્યાનની ઝલકો' *પુસ્તિકામાં પૂજનીય મુનિવર શ્રી દિવ્યવલ્લભવિજયજી મહારાજ*

●

**સ્પંદન**

સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,
અમને નમાવવા હોય તો ફૂલોનો ભાર દો. *('મરીજ')*

●

**ના હોય!**

'એમ લાગે છે કે આ દેરાસરને પૂરૂં થતાં હજી ત્રણેક વરસ લાગશે.'
'હા, અને પછી તરત તેનો જીર્ણોદ્ધાર ચાલુ થશે!'

## !! अहो कार्टुनम्

*'આ અસ્તકીર્તિ દર ગુરુવારે કેમ જોર જોરથી હસે છે?'*



*'એ તો દર શુક્રવારે અમે તેને એક જૉક સંભળાવીએ છીએ ને એટલે!'*



Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004